# TECH BITES

## AI આધારિત ડાયાબિટિક રેટિનોપેથી સ્ક્રીનિંગથી ખર્ચમાં ઘટાડો



ડાયાબિટીસના દર્દીઓમાં આંખની રેટિનાને નુકસાન થતું અટકાવવા માટે નિયમિત સ્ક્રીનિંગ મહત્વપૂર્ણ છે. Ophthalmology Retinaમાં પ્રકાશિત અભ્યાસ અનુસાર, AI આધારિત ડાયાબિટિક રેટિનોપેથી સ્ક્રીનિંગથી નિદાનની અસરકારકતા વધારવાની સાથે સારવાર સુધી પહોંચ સુધારી શકાય છે. પરંપરાગત સ્ક્રીનિંગની સરખામણીએ AI આધારિત પદ્ધતિમાં દર્દી દીઠ ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. અભ્યાસ મુજબ, AI આધારિત સ્ક્રીનિંગનો પ્રતિ દર્દી ખર્ચ આશરે 27.35 ડોલર રહ્યો હતો, જ્યારે નિયમિત સ્ક્રીનિંગનો ખર્ચ 43.14 ડોલર હતો. આ ટેક્નોલોજી ખાસ કરીને મોટી સંખ્યામાં દર્દીઓનું ઝડપી અને અસરકારક સ્ક્રીનિંગ કરવામાં ઉપયોગી સાબિત થઈ શકે છે.

## એફકોમ બોઇંગ પાસેથી ચાર 777-8F ફ્રેઇટર એરક્રાફ્ટ ખરીદશે



એફકોમ હોલ્ડિંગ્સ લિમિટેડે ચાર બોઇંગ 777-8F ફ્રેઇટર એરક્રાફ્ટ ખરીદવા માટે બોઇંગ કંપની સાથે લેટર ઓફ ઇન્ટેન્ટ (LOI) પર હસ્તાક્ષર કર્યા છે. આ પ્રસ્તાવિત ખરીદી કંપનીના કાફલા વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું છે. 777-8F ફ્રેઇટર એફકોમના હાલના B737-800 ફ્રેઇટર્સની તુલનામાં લગભગ પાંચ ગણી કાર્ગો ક્ષમતા ધરાવે છે અને 10થી 12 કલાક કે તેથી વધુ સમયના લાંબા રૂટ માટે ઉપયોગી બનશે. નવા વિમાનો દ્વારા કંપની લાંબા અંતરના એર કાર્ગો ઓપરેશન, આંતરરાષ્ટ્રીય જોડાણ અને મુખ્ય વેપાર કોરિડોરમાં પોતાની હાજરી મજબૂત કરવાની દિશામાં આગળ વધશે.

## AI એજન્ટ્સ દ્વારા જર્મન વેબસાઇટ DseWiki હાઇજેક



AI એજન્ટ્સની વધતી ક્ષમતાઓ સાથે તેમની સુરક્ષા અંગેના સવાલો પણ ગંભીર બની રહ્યા છે. Nightingale Collectiveના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે OpenAIના AI એજન્ટ્સે જર્મન વેબસાઇટ DseWikiને હાઇજેક કરી હતી. અહેવાલ અનુસાર, આ ઘટના કંપની દ્વારા Hugging Face પર થયેલા હુમલાની માહિતી જાહેર કરવામાં આવી તેના કેટલાક મહિના પહેલાં બની હતી. AI એજન્ટ્સે કથિત રીતે વેબસાઇટનો ઉપયોગ પોતાના સંદેશા બોર્ડ તરીકે કર્યો હતો. આ ઘટનાએ AI એજન્ટ્સને મળતી સ્વાયત્તતા, વેબસાઇટ્સ પર તેમના નિયંત્રણ અને ડિજિટલ સિસ્ટમની સુરક્ષા અંગે ચિંતા વધારી છે. AIના વધતા ઉપયોગ વચ્ચે આવા બનાવો સામે મજબૂત સુરક્ષા વ્યવસ્થા જરૂરી બની રહી છે.

## યુઝર કંટ્રોલમાંથી બહાર નીકળતા AIના કેસોમાં તીવ્ર વધારો



AI સિસ્ટમ્સને લઈને સૌથી મોટી ચિંતાઓમાંની એક તેમનું માનવ નિયંત્રણમાંથી બહાર જવું છે. તાજેતરના એક સંશોધન મુજબ, AI સિસ્ટમ્સ દ્વારા ખોટું બોલવું, સૂચનાઓની અવગણના કરવી અને પોતાના લક્ષ્યો હાંસલ કરવા માટે હાનિકારક રીતો અપનાવવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. અહેવાલ અનુસાર, જુલાઈ દરમિયાન આવા AI 'લોસ-ઓફ-કંટ્રોલ' બનાવો લગભગ બમણા થઈ ગયા હતા અને 300થી વધુ કેસ નોંધાયા હતા. આ સ્થિતિ AI એજન્ટ્સની વધતી સ્વાયત્તતા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ભવિષ્યમાં AIનો વ્યાપ વધે તેમ તેની કામગીરી પર માનવીય દેખરેખ, નિયંત્રણ અને સલામતીના નિયમો વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત વધી શકે છે.

# AI યુગમાં ઓનલાઈન શોપિંગ
# સાયબર સુરક્ષા પડકારરૂપ

મયુર ભુસાવળકર
આઇટી એક્સપર્ટ

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં ઓનલાઈન શોપિંગ અથવા ઈ-કોમર્સ આપણા જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. ઘર બેઠાં માત્ર થોડા ક્લિકમાં કપડાં, ઈલેક્ટ્રોનિક્સ, કરિયાણું અને અન્ય વસ્તુઓ મંગાવવી અત્યંત સરળ બની ગઈ છે. જોકે, આ સુવિધાની સાથે સાયબર સુરક્ષાનો એક નવો અને ગંભીર પડકાર પણ ઊભો થયો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)એ જ્યાં લોકોના કામ સરળ બનાવ્યા છે, ત્યાં સાયબર અપરાધીઓને પણ વધુ ચતુર અને ખતરનાક બનાવ્યા છે. હવે સાયબર ઠગો માત્ર સામાન્ય ઈ-મેલ કે મેસેજ મોકલીને છેતરપિંડી કરતા નથી. એઆઈની મદદથી તેઓ અસલી જેવી દેખાતી વેબસાઈટ્સ, વીડિયો, જાહેરાતો અને સોશિયલ મીડિયા પોસ્ટ તૈયાર કરીને ગ્રાહકોને વિશ્વાસમાં લે છે. પ્રખ્યાત સેલિબ્રિટી કે ક્રિકેટરના અવાજ અને ચહેરાનો ઉપયોગ કરીને બનાવવામાં આવતા ડીપફેક વીડિયો પણ હવે છેતરપિંડીનું અસરકારક હથિયાર બની રહ્યા છે. સાયબર અપરાધીઓ ગ્રાહકોના વિશ્વાસ, ઉતાવળ અને અજ્ઞાનતાનો લાભ લે છે. સોશિયલ મીડિયા પર કોઈ જાણીતા ક્રિકેટરનો વીડિયો દેખાય, જેમાં તે કોઈ ચોક્કસ વેબસાઈટ પરથી સસ્તામાં સ્માર્ટફોન ખરીદવાની સલાહ આપતો હોય, તો અનેક લોકો તેની સત્યતા તપાસ્યા વિના લિંક પર ક્લિક કરી દે છે. આવી જાહેરાતો પાછળ ડીપફેક ટેકનોલોજીનો ઉપયોગ થયો હોવાની શક્યતા રહેલી હોય છે. એઆઈની મદદથી જાણીતી ઈ-કોમર્સ કંપનીઓ જેવી દેખાતી નકલી વેબસાઈટ પણ ઝડપથી તૈયાર કરી શકાય છે. મૂળ બ્રાન્ડના ડોમેન નામમાં માત્ર એકાદ અક્ષરનો ફેરફાર કરીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે. દેખાવ, લોગો અને પ્રોડક્ટ્સની ગોઠવણી અસલી વેબસાઈટ જેવી હોવાથી સામાન્ય ગ્રાહક માટે તફાવત ઓળખવો મુશ્કેલ બની શકે છે.

**સાયબર ઠગો સામે સૌથી મોટું હથિયાર જાગૃતિ અને સાવચેતી**

**સમજદારીથી ઉપયોગ કરાય તો ગુનેગારોની જાળમાં ફસાતાં બચાવી શકે છે**

## ઓનલાઈન શોપિંગના 5 નિયમ

- માત્ર અધિકૃત એપ અથવા વેબસાઈટ પરથી ખરીદી કરો.
- અજાણી વેબસાઈટની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ પેમેન્ટ કરો.
- તમામ મહત્વપૂર્ણ એકાઉન્ટમાં 2FA સક્રિય રાખો.
- જાહેર Wi-Fi પર બેંકિંગ કે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન ટાળો.
- નવી કે શંકાસ્પદ વેબસાઈટ સાથે કાર્ડ-બેંકિંગ વિગતો શેર ન કરો.

## સત્તાવાર એપ અથવા વેબસાઈટ પર જઈને પ્રોડક્ટ શોધવી વધુ સલામત

હવે એઆઈ લેંગ્વેજ ટૂલ્સ દ્વારા અત્યંત શુદ્ધ અને વિશ્વાસપાત્ર ભાષામાં વ્યક્તિગત મેસેજ તૈયાર કરવામાં આવે છે. "તમારો ઓર્ડર અટકી ગયો છે" અથવા "માત્ર પાંચ રૂપિયા ચૂકવીને સરનામું અપડેટ કરો" જેવા મેસેજ દ્વારા ગ્રાહકોને નકલી લિંક પર લઈ જઈ તેમની બેંકિંગ વિગતો મેળવવામાં આવે છે.સોશિયલ મીડિયા પર આકર્ષક ફ્લેશ સેલ અને નકલી રિવ્યુ પણ સાયબર ઠગોની સામાન્ય યુક્તિ બની છે. એઆઈ બોટ્સ દ્વારા કોઈ પ્રોડક્ટ માટે મોટી સંખ્યામાં નકલી સકારાત્મક રિવ્યુ અને રેટિંગ ઊભાં કરવામાં આવે છે. પરિણામે ગ્રાહક પ્રોડક્ટ અને વેચનાર બંનેને વિશ્વસનીય માની લે છે.ઓનલાઈન શોપિંગ કરતી વખતે કોઈ પણ ઓફર અસામાન્ય રીતે સસ્તી લાગે તો તેની સત્યતા તપાસવી જરૂરી છે. મોંઘી બ્રાન્ડેડ વસ્તુ માત્ર થોડાક સો રૂપિયામાં મળતી હોવાનો દાવો ઘણી વખત છેતરપિંડીનો સંકેત હોઈ શકે છે.



## ચકાસણી વિના ચૂકવણી જોખમી

વેબસાઈટના ડોમેન નામ, કંપનીની સંપર્ક વિગતો અને અન્ય માહિતીની ચકાસણી કર્યા વિના ચૂકવણી કરવી જોખમી બની શકે છે. તાકીદ ઊભી કરતી જાહેરાતો પ્રત્યે પણ ખાસ સાવચેતી રાખવી જોઈએ. "માત્ર બે મિનિટ બાકી", "છેલ્લા ત્રણ પીસ ઉપલબ્ધ" અથવા "આ ઓફર આજે જ" જેવા સંદેશાઓ દ્વારા ગ્રાહકને વિચારવાનો સમય ન મળે તેવો પ્રયાસ કરવામાં આવે છે. ઉતાવળમાં લેવાયેલો નિર્ણય સાયબર છેતરપિંડી તરફ દોરી શકે છે.ઓનલાઈન ખરીદી માટે શક્ય હોય ત્યાં સુધી અધિકૃત એપ્લિકેશન અથવા સત્તાવાર વેબસાઈટનો જ ઉપયોગ કરવો જોઈએ.

## બે વાસ્તવિક પરિસ્થિતિ જેવા કિસ્સા

**કિસ્સો-1 :** સસ્તા બ્રાન્ડેડ બૂટનો લોભ
એક ગ્રાહકે સોશિયલ મીડિયા પર 6,000ના બ્રાન્ડેડ બૂટ માત્ર 799માં મળવાની જાહેરાત જોઈ. લિંક પર ક્લિક કરીને UPI મારફતે રકમ ચૂકવ્યા બાદ લાંબા સમય સુધી સામાન મળ્યો નહીં અને ડુપ્લિકેટ વેબસાઈટનો સંપર્ક નંબર પણ બંધ થઈ ગયો.અને ગ્રાહક છેતરાયો હતો

**કિસ્સો-2 :** એઆઈ વીડિયો જોઈને દવાનો ઓર્ડર
એક મહિલાએ એઆઈથી બનાવાયેલા વીડિયો પર વિશ્વાસ કરીને એક પ્રોડક્ટનો ઓર્ડર આપ્યો. પેમેન્ટ દરમિયાન આપવામાં આવેલી કાર્ડ વિગતોનો દુરુપયોગ થતાં તેમના ખાતામાંથી વધારાની રકમ ઉપાડી લેવામાં આવી.

## ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન પણ મહત્વપૂર્ણ

અજાણી વેબસાઈટ પરથી ખરીદી કરતી વખતે ચુકવણીની પદ્ધતિ અંગે પણ સાવચેતી જરૂરી છે. શક્ય હોય ત્યાં સુધી વિશ્વસનીય અને સુરક્ષિત પેમેન્ટ વિકલ્પ પસંદ કરવો જોઈએ. એકાઉન્ટ અને કાર્ડની સુરક્ષા માટે ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન સક્રિય રાખવું પણ મહત્વપૂર્ણ છે. જાહેર Wi-Fi નેટવર્ક પર બેંકિંગ કે ઓનલાઈન પેમેન્ટ ટ્રાન્ઝેક્શન કરવાનું ટાળવું જોઈએ.જો કોઈ વ્યક્તિ સાયબર છેતરપિંડીનો ભોગ બને તો ગભરાવાને બદલે તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે. બેંક અથવા કાર્ડ પ્રોવાઈડરને જાણ કરીને સંબંધિત ખાતું કે કાર્ડ સુરક્ષિત કરાવવું જોઈએ. ભારત સરકારની પર તાત્કાલિક સંપર્ક કરવો જોઈએ તેમજ જરૂરી પુરાવા સાથે સત્તાવાર સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી જોઈએ.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં ડિજિટલ સુવિધાઓ સાથે જોખમો પણ વધી રહ્યા છે.

**1930 સાયબર ફ્રોડ હેલ્પલાઈન**

**શંકા હોય તો ખરીદી ટાળો**



## હિમાલયમાં પૂરનું રહસ્ય : AI સર્વરો કે કુદરતનો કહેર?

# નેપાળ હોનારત માટે કેટલુ જવાબદાર 'અંડરગ્રાઉન્ડ AI સર્વર ફાર્મ'

નેપાળમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂર અને હિમાલય વિસ્તારમાં થયેલા ભારે નુકસાન બાદ કુદરતી આફતની સાથે હવે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)ના વધતા પર્યાવરણીય footprint અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટમાં હિમાલયમાં રહેલા કથિત ચીની અંડરગ્રાઉન્ડ સર્વર ફાર્મને હિમનદીઓની અસ્થિરતા અને પૂર સાથે જોડવામાં આવ્યા છે. જોકે, ઉપલબ્ધ પુરાવાના આધારે નિષ્ણાતોએ આવા સીધા સંબંધને ફગાવ્યો છે. ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં આવેલા અચાનક પૂર અંગેના અહેવાલોમાં હિમનદી તૂટવાની ઘટનાને મહત્વનું કારણ ગણાવવામાં આવ્યું છે. આ હોનારતમાં નેપાળમાં મોટી સંખ્યામાં લોકોનાં મૃત્યુ અને હજારો લોકો ગુમ થયાના અહેવાલો સામે આવ્યા હતા. હિમાલય જેવી પર્યાવરણની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ ભૂમિમાં આ ઘટનાએ હવામાન પરિવર્તન, હિમનદીઓની અસ્થિરતા અને માનવીય વિકાસ વચ્ચેના સંબંધ પર ફરી ચર્ચા જગાવી છે.



## AIનો વધતો ઉપયોગ અને હિમાલય પર દબાણ

AIની પાછળ માત્ર અલ્ગોરિધમ અને સોફ્ટવેર નથી. વિશાળ ભાષા મોડલ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને AI એપ્લિકેશન ચલાવવા માટે વિશાળ ડેટા સેન્ટરોની જરૂર પડે છે. આ કેન્દ્રોમાં હજારો સર્વરો સતત કાર્યરત રહે છે અને તેમને ઠંડા રાખવા માટે મોટી માત્રામાં વીજળી અને પાણીની જરૂરિયાત ઊભી થાય છે.ચીન દ્વારા AI, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ડેટા-સેન્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે. હિમાલય વિસ્તારમાં ઊર્જા ઉપલબ્ધતા માટે હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ પણ મહત્વપૂર્ણ બની રહ્યા છે. પરિણામે પર્યાવરણવાદીઓનો સવાલ છે કે અત્યંત નાજુક પર્વતીય પરિસ્થિતિમાં ઊર્જા અને પાણીની વધતી માગ લાંબા ગાળે કેટલું દબાણ ઊભું કરશે?પરંતુ 'AI સર્વરોના કારણે જ નેપાળમાં પૂર આવ્યું' એવો સીધો નિષ્કર્ષ કાઢવા માટે હાલ પૂરતા પુરાવા નથી. નિષ્ણાતોના મતે હિમનદી તૂટવી, ભારે વરસાદ, ભૂસ્ખલન અને હવામાન પરિવર્તન જેવા પરિબળોને વૈજ્ઞાનિક રીતે અલગ-અલગ સમજવાની જરૂર છે.

### AI સમસ્યા છે કે ઉકેલનો ભાગ?

AI અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ એકતરફી નથી. એક તરફ મોટા ડેટા સેન્ટરો ઊર્જાનો વિશાળ વપરાશ કરે છે અને જો આ વીજળી ફોસિલ ફ્યુઅલમાંથી આવે તો ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં વધારો થઈ શકે છે. આ ઉત્સર્જન વૈશ્વિક તાપમાન વધારવામાં ફાળો આપે છે અને તેની અસર હિમાલય જેવા સંવેદનશીલ પ્રદેશો પર પણ પડી શકે છે.બીજી તરફ AI આધારિત મોનિટરિંગ સિસ્ટમો હિમનદીઓ, નદીઓ અને હવામાનની સ્થિતિ પર નજર રાખવામાં મદદરૂપ બની શકે છે. પૂર અથવા હિમનદી તૂટવાની સંભાવના અંગે વહેલી ચેતવણી મળે તો જાનમાલનું નુકસાન ઘટાડવામાં મદદ મળી શકે છે.આથી મૂળ પ્રશ્ન એ નથી કે 'AI સારું કે ખરાબ?' પરંતુ એ છે કે AIનું વિશાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કેટલી જવાબદારીપૂર્વક ઊભું કરવામાં આવે છે. ઉપલબ્ધ માહિતીના આધારે આ દાવાને સમર્થન આપતો સીધો વૈજ્ઞાનિક પુરાવો રજૂ થયો નથી.વૈજ્ઞાનિક દૃષ્ટિકોણઃ પૂર પાછળના કારણોમાં હિમનદી તૂટવી, અતિભારે વરસાદ, ભૂસ્ખલન અને લાંબા ગાળાના હવામાન પરિવર્તન જેવા પરિબળોની તપાસ જરૂરી છે.

### AI માટે પાણી કેમ મહત્વનું?

ડેટા સેન્ટરના સર્વરો ભારે ગરમી પેદા કરે છે. આ ગરમી દૂર કરવા માટે વિવિધ પ્રકારની કૂલિંગ સિસ્ટમનો ઉપયોગ થાય છે. કેટલીક સિસ્ટમમાં પાણીનો પણ નોંધપાત્ર ઉપયોગ થાય છે. એટલે AIનો વ્યાપ વધે તેમ ડેટા સેન્ટરની પાણી અને ઊર્જાની જરૂરિયાત પણ પર્યાવરણ માટે મહત્વનો મુદ્દો બની શકે છે.

### એક મહત્વનો પાઠ

નેપાળની આફત આપણને એક મહત્વનો પાઠ આપે છે–ટેક્નોલોજી જેટલી ઝડપથી વધે છે, તેટલી જ ઝડપથી તેના પર્યાવરણીય ખર્ચની ગણતરીની જરૂર છે.

# AI તમારી વાત સમજે છે કે ધીમે ધીમે તમને પણ ઘડે છે?

## ઈન્ટ્રોવર્ટ અને એક્સ્ટ્રાવર્ટ વચ્ચે હવે AIનો 'પર્સનાલિટી મિરર'

કૃત્રિમબુદ્ધિએટલેમાત્રસવાલોનાજવાબઆપતુંટેક્નોલોજીનુંસાધન–આ માન્યતા હવે ધીમે ધીમે બદલાઈ રહી છે. આપણે AI સાથે જેટલી વધુ વાત કરીએ છીએ, તેટલું AI આપણી ભાષા, પસંદગી, વિચારવાની રીત અને વાતચીતની શૈલીને અનુરૂપ બનતું જાય છે. પરંતુ અહીં એક રસપ્રદ સવાલ ઊભો થાય છે–શું AI માત્ર આપણી પર્સનાલિટીનું પ્રતિબિંબ બની રહ્યું છે કે પછી આપણી વિચારસરણીને પણ પ્રભાવિત કરી રહ્યું છે? એક સદી કરતાં પણ વધુ પહેલાં સ્વિસ મનોવિશ્લેષક કાર્લ યુંગે માનવ વ્યક્તિત્વને સમજવા માટે 'ઈન્ટ્રોવર્ઝન' અને 'એક્સ્ટ્રાવર્ઝન' જેવા અભિગમ રજૂ કર્યા હતા. આજે જનરેટિવ AIના યુગમાં આ જ વિભાજનને નવી રીતે જોવાની જરૂર પડી રહી છે. ઈન્ટ્રોવર્ટ વ્યક્તિ સામાન્ય રીતે પોતાની અંદરની દુનિયા, વિચારો અને આત્મમંથન તરફ વધુ ઝુકેલી હોય છે, જ્યારે એક્સ્ટ્રાવર્ટ વ્યક્તિ બહારની દુનિયા, લોકો અને સામાજિક સંવાદથી વધુ ઊર્જા મેળવે છે. પરંતુ AI બંને માટે એકસરખું વર્તન કરતું નથી–તે વ્યક્તિ જે રીતે વિચારે છે અને વાત કરે છે, તેના આધારે પોતાનો પ્રતિભાવ ઢાળે છે.



### મનની વાતને શબ્દો આપતું સુરક્ષિત જગત

કોઈ વિચાર મનમાં સ્પષ્ટ હોય, પરંતુ તેને બીજાની સામે વ્યક્ત કરવામાં સંકોચ થતો હોય–આ અનુભવ ઇન્ટ્રોવર્ટ લોકો માટે અજાણ્યો નથી. અહીં જનરેટિવ AI એક પ્રકારના 'પ્રાઇવેટ રિફ્લેક્શન સ્પેસ'ની ભૂમિકા ભજવી શકે છે.વ્યક્તિ પોતાના અધૂરા વિચારો, પ્રશ્નો કે લખાણના ટુકડા AI સમક્ષ મૂકી શકે છે અને તેને વધુ સ્પષ્ટ રીતે ગોઠવવા કહી શકે છે. કોઈ વ્યક્તિ પહેલા AI સાથે વિચારવિમર્શ કરીને પોતાના વિચારોને પરિપક્વ બનાવે અને પછી તેને અન્ય વ્યક્તિ સમક્ષ રજૂ કરે–તો AI તેના માટે વિચાર અને અભિવ્યક્તિ વચ્ચેનો પુલ બની શકે છે.પરંતુ આનો અર્થ એ નથી કે ઇન્ટ્રોવર્ટ વ્યક્તિને AIની 'જરૂર' જ છે. વ્યક્તિત્વ જટિલ છે અને કોઈ વ્યક્તિ માત્ર એક જ કેટેગરીમાં બંધાતી નથી. AIની સૌથી રસપ્રદ અસર અહીંથી શરૂ થાય છે. વ્યક્તિગત AI જો સતત આપણી પસંદગી અને વ્યક્તિત્વ પ્રમાણે જવાબ આપવા લાગે, તો તે આપણને અનુકૂળ અનુભવ કરાવે છે. પરંતુ સતત અનુકૂળતા ક્યારેક આપણી પહેલેથી રહેલી માન્યતાઓને વધુ મજબૂત પણ કરી શકે છે.